**<u>આંક– 20 લગત જામીન અરજી લગત હુકમ</u>**

**સી.સી.નં.479–2020**

**CRMA NO.**114 **of** 2026

સાંભળ્યા,

આ કામે જામીન અરજી વંચાણે લીધી, તહોમતદાર પક્ષેની રજુઆત ધ્યાને લીધી. જેમાં જણાવેલ છે કે પકડ વોરંટના કામે થી જયુડીશીયલ કસ્ટડીમાં છે.વધુમાં જણાવેલ છે કે,આ ગુનાના કામે આરોપી અમદાવાદના કાયમી રહેવાસી છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. નામ. કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા રાજી ખુશી છે. ત્યારે ન્યાયના હિતમાં તો. દારોને જામીન મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

ફરીયાદીએ આંક–૨૧ થી વાંધા અરજી રજુ કરેલ છે જેમાં જણાવેલ છે જામીન ઉપર મુકત કરવા વાંધો લીધેલ છે.વધુમાં,આરોપી ઘણા સમય પછી પકડ વોરંટના આધારે પકડાઇને આવ્યા છે.ટ્રાયલ દરમીયાન હાજર રહેશે નહી જેથી જામીન નામંજુર કરવા અરજ કરેલ છે.

આમ, ઉપરોક્ત રજુઆત અને રેકર્ડ વંચાણે લેતાં તેમજ આરોપી સામેના ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઇ ધ્યાને લેતાં તેમજ તહોમતદાર અમોદાવાદના સ્થાનીક રહેવાસ હોય નાસી–ભાગી જાય તેમ નથી.આરોપી ઘણા સમયથી પકડ વોરુટના આધારે જેલમાં છે.આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો તે ન્યાયી ગણાશે જેથી જામીન મુકત કરવા ઉચીત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવો ન્યાયોચીત માનું છું.

**<u>હુકમ</u>**

અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧) આરોપીએ રૂ.૧૦,૦૦૦/– ના **એવા બે** સદ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કર્યેથી તેમજ રૂા.૨૦,૦૦૦/– ડીપોઝીટ કરેથી નીચે મુજબની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો –</u>**

૧) આરોપીએ નામ. કોર્ટમાં દરેક મુદત તારીખે અચુક હાજર રહેવું.

૨) આરોપીએ પોતાનુ હાલનુ અને ધંધાનુ સરનામુ આધાર પુરાવા સાથે રજુ કરવુ અને કોર્ટ પુર્વ પરવાનગી વગર તેઓના રહેઠાણના સરનામામાં ફેરફાર કરવો નહી અને આરોપીએ પોતાનો કાયમી મોબાઈલ નંબર જાહેર કરવો.

૩) આરોપીએ તેઓની સ્વતંત્રતા દરમ્યાન આવા અન્ય કોઇ ગુનામાં સંડોવાવું નહી.

૪) આરોપીએ પેનલ્ટી પેટે રૂા.૫૦૦/– દંડ ભરવો.

તારીખ – ૩૦/૦૫/૨૬ બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ,

બોરસદ. બોરસદ.